## જન્મદિને વધામણી



યુગ મેહુલભાઈ ગાંધી



ઋતુ નયન સોલંકી



સબદલખાન અમીનખાન ચૌહાણ
મો. ૯૯૯૮૭ ૨૨૪૧૯



ડિમ્પલબેન ભરતભાઈ ગોર
સંચાલક
લિટલ ફ્લાવર્સ પ્લે ગ્રુપ
મો. ૯૮૭૯૫ ૩૫૭૭૬



પંકજ એમ શાહ
મો. ૯૮૨૫૫ ૮૪૫૨૫

# કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા સર્વ નેતૃત્ત્વ શિબિર યોજાઈ





કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા ૨૧મી સર્વ નેતૃત્ત્વ શિબિર કડી ખાતે યોજવામાં આવી હતી, જેમાં ગાંધીનગર અને કડી પરિસરમાં કાર્યરત ૧૪ કૉલેજીસના ૬૭ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

શિબિર અંતર્ગત સુરેશભાઈ પટેલ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી વિદ્યાર્થીઓની ક્ષમતા ખીલવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. અતિથિ વક્તા તરીકે ઉપસ્થિત જે સી પટેલે સ્વાસ્થ્ય, શિક્ષણ અને સંસ્કાર વિષયે વક્તવ્ય આપીને વિદ્યાર્થીઓને મંત્રમુગ્ધ કર્યા હતા. શિબિરના છેલ્લા દિવસે વિદ્યાર્થીઓએ રક્તપિત્તગ્રસ્તો તથા માનસિક વિશિષ્ટ વ્યક્તિઓ માટે સાબરકાંઠામાં કાર્યરત સંસ્થા 'સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ'ની મુલાકાત લીધી હતી, જ્યાં સંચાલક સુરેશભાઈ સોની દ્વારા સંસ્થાની માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી.

શિબિરના સમાપન સમારોહમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના ચૅરમૅન વલ્લભભાઈ પટેલ, કડી કૅમ્પસના ડિરેક્ટર ડૉ. અજય ગોર ઉપસ્થિત રહ્યા હતા. શિબિરનું સફળ સંચાલન અને આયોજન સર્વ નેતૃત્વ કાર્યક્રમના સંયોજક ડૉ. ધર્મેન્દ્રભાઈ પટેલ અને પ્રા. દિવ્યેશ મિસ્ત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

### શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, સૅક્ટર-૭ ખાતે

## અનુવાદ વિષયે આજે રાજ્યકક્ષાનો પરિસંવાદ

ગાંધીનગર, તા. ૧૭

શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, સૅક્ટર-૭ ખાતે બુધવારના રોજ અનુવાદ વિષયે રાજ્યકક્ષાના એક સૅમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે 'અનુવાદ : કલા કે શાસ્ત્ર' વિષયે આ પરિસંવાદ આયોજિત કરવામાં આવ્યો છે. 'અનુવાદ : કલા કે શાસ્ત્ર' વિષયે તા. ૧૮ જાન્યુઆરીને બુધવારના રોજ કૉલેજના સભાખંડ ખાતે આ પરિસંવાદ યોજવામાં આવ્યો છે.

સવારે ૯.૪૫ કલાકે આ પરિસંવાદનો ઉદ્ઘાટન કાર્યક્રમ યોજવામાં આવશે, જેમાં મુખ્ય અતિથિ તરીકે લેખક, વિવેચક અને વાર્તાકાર ડૉ. સુમન શાહ, અતિથિ વિશેષ તરીકે ડૉ. કેશુભાઈ દેસાઈ તથા ખાસ અતિથિ તરીકે શ્રી અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરીભાઈ ચૌધરી ઉપસ્થિત રહેશે.

ઉદ્ઘાટન સત્ર બાદ બે સત્રોમાં આ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રથમ સત્રમાં બાલાજી રંગનાથન અને ડૉ. અરૂણાબા જાડેજા તથા દ્વિતિય સત્રમાં જેલમ હાર્દિક અને કનૈયાલાલ ભટ્ટ ઉપસ્થિત રહેશે.

## રંગોલી સ્કૂલનો વાર્ષિક રમતોત્સવ



ગાંધીનગર, તા. ૧૭

આલમપુર ખાતે સ્થિત રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલનો વાર્ષિક રમતોત્સવ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં યોજવામાં આવ્યો હતો. શાળાના વિશાળ પ્રાંગણમાં વાલીઓની મોટી ઉપસ્થિતિ વચ્ચે આયોજિત આ રમતોત્સ્વ અંતર્ગત પ્રિપ્રાઈમરીથી માંડીને ધોરણ-૧થી ૮ના વિદ્યાર્થીઓએ દોડ, રન હોપ રન, લૉન્ગ જમ્પ, હર્ડલ રેસ, ડિસ્ક થ્રો, સ્કેટિંગ, ટેબલ ટેનિસ, બેડમિંટન, ચૅસ વગેરે રમતોમાં પોતાની સક્રિય ભાગીદારી નોંધાવી હતી.

આલમપુર ગ્રામ પંચાયતનાં સરપંચ સૂર્યાબેન સોલંકી અને પગરવ હૉસ્પિટલના ડિરેક્ટર ડૉ. વૈભવ પટેલ આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. રમતોત્સવની શરૂઆત રંગોલી ગૃપનાં ડિરેક્ટર અનામિકા અંજારિયાના હસ્તે મશાલ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. ગૃપના ચૅરમૅન પ્રહર અંજારિયાએ પ્રાસંગિક ઉદ્બોધનમાં રમતોના જીવનમાં મહત્ત્વ વિશે વાત કરી હતી અને વિદ્યાર્થીઓને આ રમતોત્સવમાં ઉત્સાહપૂર્ણ ભાગીદારી માટે અભિનંદન પાઠવ્યા હતા. શાળાના ટ્રસ્ટી પ્રણવ સોનીની ઉપસ્થિતિ પ્રોત્સાહક રહી હતી. તમામ વિજેતા વિદ્યાર્થીઓને મૅડલ્સ અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. આચાર્ય ડૉ. અંજુ વર્માએ આભાર દર્શન કર્યું હતું.

## સે. ૨૪ આંગણવાડીનાં બાળકોને ગરમ વસ્ત્રો ભેટ ધરવામાં આવ્યાં




રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર અને વૈદિક પરિવાર દ્વારા શ્રમજીવી પરિવારનાં સૅક્ટર-૨૪ આંગણવાડીમાં ભણતાં ૪૮ બાળકો માટે ટોપી, સ્વેટર અને ધાબળા વિતરણનો એક કાર્યક્રમ યોજાઈ ગયો. સંસ્થા દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે ધાબળા વિતરણનો અલગથી કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. આ માટે રોટરી ક્લબ તથા વૈદિક પરિવારનાં સભ્યો દ્વારા રાત્રે ૧૦ વાગ્યા પછી ગાંધીનગર અને આસપાસનાં વિસ્તારમાં ફરી વિતરણ કરવામાં આવ્યું હતું. આમાં શ્રમજીવી પરિવારે કે જે ખુલ્લા આકાશ નીચે સુવા માટે મજબુર છે તેવા પરિવારોમાં જેમની પાસે ઓઢવા માટે ગરમ ધાબળા ન હતા તેવા પરિવારોને શોધીને તેમને ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આંગણવાડીનાં બાળકોને ગરમ કપડાના વિતરણનાં આ કાર્યક્રમમાં વૈદિક પરિવારના સંયોજક અરવિંદ રાણા, પ્રાદેશિક સંયોજક મહેન્દ્રભાઈ ગાંધી, રોટરી ક્લબ ઓફ કેપિટલનાં સ્થાપક પ્રમુખ અને આર્ટ લવર્સનાં પ્રમુખ જગતભાઈ કારાણી, રોટરીનાં પૂર્વ પ્રમુખ યુવરાજસિંહ વાઘેલા, આઈપીપી મનોજભાઈ સરૈયા, જોઈન્ટ સેક્રેટરી પાર્થભાઈ ઠક્કર, રોટેરીયન જયશ્રીબહેન ખેતીયા, અરવિંદભાઈ પટેલ, રાકેશભાઈ પટેલ, વૈદિક પરિવારનાં ડૉ. ભાવપ્રકાશ ગાંધી, ગમનભાઈ પટેલ, કેશરીસિંહ વસાવા, કાન્તીભાઈ પટેલ, ગણપતભાઈ ઉપસ્થિત રહ્યા હતા. આંગણવાડી ખાતે વિતરણની સુચારુ વ્યવસ્થા આંગણવાડીનાં સંચાલક કલ્પનાબહેને કરી હતી.

## ડાયરેક્ટ ❤ સે

દુખનો દસ્તાવેજ હોય
કે
સુખનું સોગંદનામું...
ધ્યાનથી જોશો તો
નીચે સહી તમારી જ દેખાશે

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ઓકે જાનુ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ટ્રીપલ ઍક્સ રિટર્ન ઑફ કેજ (૩ડી હિન્દી)
૨.૧૦, ૬.૨૦, ૧૦.૩૦
ટ્રીપલ ઍક્સ રિટર્ન ઑફ કેજ (૩ડી અંગ્રેજી)
૧૨.૦૦, ૪.૧૫, ૮.૨૫

**સ્ક્રીન-૪**
શુભ આરંભ (ગુજરાતી)
૭.૪૫
ગ્રાન્ડ હળી (ગુજરાતી)
૧૨.૧૫
હમીર (ગુજરાતી)
૫.૦૦
હરામખોર
૩.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૫**
ઓકે જાનુ
સવારે ૧૦.૦૦
હરામખોર
૧૨.૩૦
દંગલ
૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# આપણે ક્યારેય આપણી જાતને પૂછ્યું છે કે મારે શું જોઈએ છે ?




vamlani@yahoo.co.uk

માનવીય સંબંધો, વર્તનશાસ્ત્ર અને સ્વવિકાસ માટેનો એક સેમિનાર હતો. એ સેમિનારના સહભાગીઓ પોતપોતાની લાગણીઓ વ્યકત કરતાં હતા. એક ચાલીસેક વર્ષની ઉમરની સ્ત્રી સહભાગીએ પોતાના કુટુંબીજનો સાથેના સંબંધો વિષે પોતાની લાગણી વ્યકત કરતાં કહ્યું કે "મારા પતિની એક જરૂરિયાત છે, મારા બાળકોની બીજી જરૂરિયાત હોય છે, મારા સાસુ, સસરા અને અન્ય કુટુંબીજનોની જરૂરિયાતો કંઈક જુદી જ હોય છે. આ બધા લોકોની મારા પ્રત્યેની અપેક્ષાઓ સંતોષવા મારે શું કરવું?" એ સ્ત્રીની વાત સાંભળીને અન્ય બધા જ સહભાગીઓએ તેની વાતમાં સૂર પુરાવ્યો અને પોતાની લાગણીઓ વ્યક્ત કરતાં કહ્યું કે અમારા સૌની પણ આ જ સમસ્યા છે.

તજજ્ઞએ એ સ્ત્રી સહભાગીને સામો એક પ્રશ્ન પૂછ્યો કે "તમારા બધા જ કૂટુંબીજનોની જરૂરિયાતો સંતોષવા માટેની તમારી ચિંતા છે એ સારી વાત છે અને એવી ચિંતા હોવી પણ જોઈએ. પણ તમારી પોતાની જરૂરિયાત શું છે? મતલબ કે તમારી પોતાની જાત પ્રત્યેથી તમારી પોતાની અપેક્ષાઓ શું છે?" તજજ્ઞનો પ્રશ્ન સંબળીને બધા જ વિચારમાં પડી ગયા. પેલી સ્ત્રી સહભાગીએ થોડીવાર વિચાર્યા પછી ઉત્તર આપ્યો કે "મને મારી પોતાની જાત પાસેથી શું અપેક્ષા છે, મારી પોતાની જરૂરિયાતો શું છે એની મને ખબર જ નથી. મે એના વિષે ક્યારેય વિચાર્યુ પણ નથી." એ સ્ત્રી સહભાગી સાથે અન્ય સહભાગીઓએ પણ એ જ સૂર પુરાવ્યો કે પોતાને ખબર નથી કે પોતાની જાત પાસેથી પોતાની ખૂદની અપેક્ષાઓ શું છે.



સેમિનારના બીજા દિવસે એ સ્ત્રી મંચ ઉપર આવી અને પોતાનો પ્રતીભાવ આપતા કહ્યું કે "ગઈકાલનો દિવસ મારા જીવનનો એક નિર્ણાયક દિવસ હતો. મે આખી રાત વિચાર્યુ. મે મારી જાતને પુછ્યું કે મારે શું જોઈએ છે? મે આખી જિંદગી બીજા લોકોની જરૂરિયાતો પૂરી કરવા માટે જ ખર્ચી નાખી. મે આખી જિંદગી બીજા લોકોને માટે જ ઢસરડા કર્યા. બીજા લોકેને ખુશ કરવાની લ્હાયમાં ને લ્હાયમાં મેં મારા માટે કશું જ ના વિચાર્યુ. ગઈકાલે મેં મારી જાત પાસેથી જવાબ માંગ્યો કે મારે શું જોઈએ છે? મારી જાતને ખુશ રાખવા મારે શું કરવું જોઈએ? મને એ જવાબ મળી ગયો છે." એ સ્ત્રીએ મંચ ઉપરથી પોતાનો નિર્ણય જાહેર કર્યો કે "આ સૅમિનાર પૂરો થયે હું ઘરે પછી ફરીશ પછી મારા કુટુંબીજનો ની જરૂરિયાતો ને સાથે મને પોતાને શું જોઈએ છે એના વિષે વિચારીશ અને એ મેળવવા માટે પ્રયત્નો પણ કરીશ."

થોડા મહિનાઓ પછી એ સ્ત્રીએ તજજ્ઞને ફોન દ્વારા જાણ કરી કે પોતે વર્ષો પહેલા સુરીલું ગાતી હતી. લગ્ન પછી એ બધુ છૂટી ગયું હતું. સેમિનાર પછી ફરી પાછા રિયાજ શરૂ કર્યા. તેણીએ પોતાના શહેરમાં યોજાતી સંગીતની એક નામાંકિત હરિફાઈમાં ભાગ લીધો અને પોતે પ્રથમ વિજેતા થઈ. પોતે એ પણ જણાવ્યુ કે થોડા દિવસ પછી પોતાનો સંગીતનો એક જાહેર કાર્યક્રમ છે જેમાં ઉપસ્થિત રહેવા તજજ્ઞને નિમંત્રણ પણ આપ્યું.

ભગવાન ઈસુનો એક ઉપદેશ છે કે "તમારા પાડોશીને એટલો જ પ્રેમ કરો જેટલો પ્રેમ તમારી જાતને કરો છો." વ્યક્તિઓ પોતાના પાડોશીઓ, સ્નેહીઓ, સંબંધીઓ, મિત્રોની પૂરતી કાળજી રાખીને ભગવાન ઈસુના ઉપદેશને અનુસરવા કે તેનું પાલન કરવા માટે પ્રયત્નો કરતા હોય છે. એ લોકો ભગવાન ઈસુના ઉપદેશનો એક શબ્દ "પોતાની જાતને" ભૂલી જતાં હોય છે. વ્યક્તિ અન્ય લોકોને અઢળક આપવા માટે અઢળક પ્રયત્નો કરતી હોય છે, પોતાની જાત કરતાં પણ વધારે, પણ પોતાની જાતના ભોગે. વ્યક્તિ આવું કરે છે ત્યારે ભગવાન ઈસુના આદેશનું પાલન નથી થતું કારણ કે ઈસુએ તો એવું કહ્યું છે કે જેટલો પોતાની જાતને પ્રેમ કરો છો એટલો જ પ્રેમ તમારા પાડોશી ને કરો. વધારે પણ નહીં અને ઓછી પણ નહીં. વ્યક્તિ જ્યારે પોતાના જીવનના ધ્યેયો નક્કી કરે છે ત્યારે તેમાં પોતાની ખુશી, પોતાની જરૂરિયાતો, ખુદની લાગણીઓ સામેલ ના કરી હોય તો એનો અર્થ એ થયો કે વ્યક્તિએ પોતાના જીવનધ્યેયોમાથી પોતાના જીવનની સૌથી મહત્વની વ્યક્તિને જ બાકાત કરી દીધી છે. એ વ્યક્તિ એટલે પોતે જ —પોતાની જાત.

જે વ્યક્તિને પોતાનો ચહેરો ગમે છે, જે વ્યક્તિને પોતાની શરીર સુંદર લાગે છે, જે વ્યક્તિને પોતાની જાતનું ગૌરવ છે- સ્વાભિમાન છે, જે વ્યક્તિ પોતાને ચાહે છે, જે વ્યક્તિ પોતાની જાતને પ્રેમ કરે છે, એ જ વ્યક્તિ ખરા અર્થમાં બીજાને પ્રેમ કરી શકે છે અને બીજાને ચાહી શકે છે.

વ્યક્તિ પોતાના જીવનનો મોટા ભાગનો સમય પોતાના જીવનસાથીની, પોતાના કુટુંબીજનોની, પોતાના મિત્રો, સ્નેહીઓ અને સંબંધીઓની વિવિધ પ્રકારની જરૂરિયાતોને સંતોષવામાં જ ખર્ચી નાખે છે. સવાર થી મોડી રાત સુધી, ને ત્રણસો ને પાસઠ દિવસો વ્યક્તિ બીજા માટે જ વિચારતી રહે છે. હા, જિંદગીના કેટલાક પડાવોમાં વ્યક્તિ પોતાના માટે પણ કશુંક વિચારે છે પણ એ ક્ષણિક જ હોય છે. આમ સતત બીજા માટે ખર્ચાતી અને ઘસાતી વ્યક્તિ એવી ફરિયાદ પણ કરે છે કે "મારા માટે મારી પાસે સમય જ નથી." જે વ્યક્તિ આવી ફરિયાદ કરે છે તેની ફરિયાદ અર્થ વગરની ગણાય છે કારણ કે જો દુનિયા આખી માટે વ્યક્તિને સમય મળી શકતો હોય તો પોતાના માટે શા માટે નહીં?

પોતાની જાત માટે સમય કાઢવો એટલે પોતાને ગમતા કાર્યો કરવા, પોતાને આનંદ આપે એવી પ્રવૃતિઓ કરવી, પોતાને ગમતું સંગીત સંભાળવું, પોતાને પ્રિય પુસ્તકો વાંચવા, પોતાને ગમતા મિત્રો માટે ખાસ સમય ફાળવવો, પોતાના શરીરની કાળજી લેવી, પોતાની તંદુરસ્તી જાળવવી, પોતાની જાતને ઈશ્વર સાથે જોડવા પ્રયત્ન કરવો. આમ પોતાને ગમતું કરીએ એટલે સ્વાભાવિક રીતે જ પોતાની જાત સાથે જોડાઈ રહીશું, પોતાની જાતને ઓળખી શકીશું અને પોતાની જાત સુધી પહોંચી શકીશું. આપણે જો પોતની જાત સુધી પહોચી શકીએ તો જ આપણી જાતને ચાહી શકીએ.

આમ, ટૂકમાં એવું કહી શકીએ કે પોતની જાત માટે સમય આપી શકીએ તો જ પોતાની જાતને પ્રેમ કરી શકીએ અથવા તો પોતાની જાતને ચાહવું એટલે પોતાની જાત માટે સમય આપવો.

રોબર્ટ ઈલિઅટ અને ડેનિસ બ્રેઓ એક સુંદર સલાહ આપતા કહે છે કે જીવનમાં ઝડપી રસ્તે (ફાસ્ટ ટ્રેક) નહીં, પોતાના રસ્તે (યોર ટ્રેક) ઉપર દોડવું મહત્વનુ છે. તેઓ એવું કહે છે કે તમે એવું અનુમાન કરો કે તમારે હવે પછી માત્ર છ મહિના જ જીવવાનું છે. આવું અનુમાન કરીને તમારે કરવાના કાર્યોની ત્રણ યાદી બનાવો. પહેલી યાદીઃ તમારે જે કર્યો કરવાના જ છે. બીજી યાદીઃ તમે જે કર્યો કરવા ઈચ્છા ધરાવો છો. ત્રીજી યાદીઃ તમારે એ કાર્યો કરવાના જ નથી અને કરવા ઈચ્છતા પણ નથી છતાં કર્યે જ જાવ છો. આવી યાદી બનાવ્યા પછી ત્રીજી યાદી ને તમારા જીવનમાથી સદાયને માટે કાઢી નાખો અને તમારે કરવાના જ કાર્યોમાં તમને પોતાને ગમતા કાર્યો ઉમેરી ને જીવો. આ યાદી સમયાંતરે નવી બનાવતા રહો.

આપણું જીવનધ્યેય અન્ય લોકો માટે કઈક કરી છૂટવાનું હોય છે. આપણી ફરજ આપણાં કુટુંબીજનો, સ્નેહીઓ, સંબંધીઓ અને મિત્રો પ્રત્યેની હોય છે એ વાસ્તવિક્તા છે અને એનો ઈનકાર પણ ના થઈ શકે. પણ અન્ય લોકો માટે કઈક કરી છૂટવાનું આપણાં જીવનનું ધ્યેય હાંસલ કરવું હોય તો પોતાના માટે પણ જીવવું પડે. જો આપણે પોતાના માટે ના જીવી શકીએ તો બીજા માટે પણ ના જીવી શકીએ.

## સમગ્ર વિશ્વ આજે સ્વર્ણિમ યુગના દ્દષ્ટા પ્રજાપિતા બ્રહ્માને ભાવાંજલિ અર્પશે



ગીતા જ્ઞાનદાતા વિશ્વ કલ્યાણકારી નિરાકાર પરમપિતા પરમાત્મા શિવે જે અનુભવી વૃધ્ધ શરીર પર પોતાના રથ તરીકેની પસંદગી ઉતારી તેનું નામ પ્રજાપિતા-બ્રહ્મા રાખ્યું. વેદો અને પુરાણોમાં પ્રજાપિતા બ્રહ્માને વિશ્વકર્મા પ્રજાપતિ બૃહસ્પતિ, હિરણ્યગર્ભ, બ્રહ્મા વગેરે નામાભિધાન આપવામાં આવ્યા છે. જે તેઓ મહાન શિક્ષક, મહાન પુરૂષ, મહાજ્ઞાની હોવાનો સંકેત છે. તેમણે આધ્યાત્મિક-જ્ઞાન દ્વારા વિશ્વનું નવનિર્માણ કર્યું અને માટે જ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિધ્યાલયના લાખ્ખો વિધ્યાર્થીઓ સહિત સમગ્ર વિશ્વ આજે સ્વર્ણિમ યુગના દ્રષ્ટા પ્રજાપિતા બ્રહ્માને તેમની ૪૮મી પુણ્યતિથિએ અંતરની ભાંવાજલી અર્પશે.

આદિદેવ બ્રહ્માનું પરંપરાથી સ્વીકારતું ચિત્રણઃ- બ્રહ્માને ચતુમુખ દર્શાવાય છે. જે વેદોનું પ્રતિક છે. વેદનો અર્થ છે. દિવ્યજ્ઞાન, દિવ્યજ્ઞાનના રૂપમાં બ્રહ્માએ વિશ્વને આધ્યાત્મિક સિધ્ધાંત,આત્મા અને ઈશ્વર અનુભૂતિ માટે વિજ્ઞાન, કળા અને વ્યવહારનું દિવ્યગુણ તથા પવિત્રતાનું અને લોકકલ્યાણ પ્રતિસમર્પણ ભાવ માટે કર્તવ્યનું શિક્ષણ આપ્યું.

બ્રહ્માને દાઢીધારી વૃધ્ધ માનવના સ્વરૂપમાં દર્શાવાય છે. જે પરિપકવતા, અનુભવ અને પિતાતુલ્ય ભાવને પ્રદર્શિત કરે છે. તેમના ચાર હાથમાંથી એક હાથમાં ગ્રંથ છે જે જ્ઞાનનું પ્રતિક છે. તેઓ કેવળ જ્ઞાની જ નહી, પરંતુ આધ્યાત્મિક અનુશાસનયુક્ત હતાં. બુરાઈઓ ઉપર વિજય મેળવી લાખ્ખો મુખવંશના બાળકોનું સફળ નેતૃત્વ કરી ૧૦૮ મહાન-આત્માઓ સાથે સર્વશ્રેષ્ઠ કાર્ય કરી વિજય માળાના પ્રથમ મણકા તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું. ત્રીજા હાથમાં કમંડળ (જળપાત્ર) દર્શાવાયું છે જે પવિત્ર જળ અમૃતનું પ્રતિક છે. જે દ્વારા તેઓ અન્ય આત્માઓને જ્ઞાન-અમૃતથી તૃપ્ત કરતા રહ્યા. ભારતીય સંકૃતિમાં જ્ઞાનની તુલના જળ અમૃત સાથે થાય છે. ચોથો હાથ અભયદાનની મુદ્રાનો છે જે સ્વયમ નિર્ભય હોવાનું પ્રગટ કરે છે. તેમણે ઉચ્ચ આધ્યાત્મિક અવસ્થા પ્રાપ્ત કરી લીધી હતી જેના દ્વારા તેઓ અન્ય મનુષ્યાઆત્માઓને વરદાન આપી શકતા હતાં.

બ્રહ્માનું સ્વર્ણિમ મુખ મંડળ તે વાતનું પ્રતિક છે કે તેમની મુખવંશાવળી રચનામાં તેઓ સ્વર્ણિમયુગના આગમનને જોઈ રહ્યાં હતાં. કારણ કે તેમણે ઈશ્વરના દિવ્ય પ્રકાશની સતત અનુભૂતિ કરી હતી. ઈશ્વરનું સાનિધ્ય મેળવ્યું હતું. ઈશ્વરના અપ્રતિમ સંકેતો સ્વયંમ પ્રાપ્ત કર્યા હતાં. તેમના સફેદ વસ્ત્રો શુધ્ધતા અને પવિત્રતાનું પ્રતિક છે. તેમનો મુગટ રાજસી વ્યવહાર, ભવ્યતા અને મહાનતાનું પ્રતિક છે. તેઓ સાચા સ્વરૂપમાં રાજઋષી-રાજયોગી હતાં.